**1705E638** Candidate's Seat No :_______

**M.A. (Sem.-III) Examination**
**501 Gujarati**
**May-2017**

## ગ્રંથકારનો પરિચય : મધ્યકાળ : નરસિંહ

Time : 3 Hours    Max.Marks : 70

૧.નરસિંહ મહેતાને સર્જક તરીકે ઘડનારાં પરિબળોની વિગતે ચર્ચા કરો. ૧૪

અથવા

૧.નરસિંહ મહેતાના સાહિત્યસર્જનને આધારે નરસિંહ મહેતાને કવિ તરીકે મૂલવો.

૨. નરસિંહ મહેતાના આત્મચરિત્રાત્મક પદોની વિશેષતા-મર્યાદા સદષ્ટાંત જણાવો. ૧૪

અથવા

૨.ટૂંકનોંધ લખો. (બંને)

૧.પુત્રવિવાહનાં પદ

૨.મામેરાનાં પદ

૩. નરસિંહ મહેતા કૃત 'સુદામાચરિત્ર'ના વિશેષો સદષ્ટાંત જણાવો. ૧૪

અથવા

૩.નરસિંહ મહેતાના શૃંગારનાં પદો વિશે વિસ્તૃત નોંધ લખો.

૪. નરસિંહ મહેતાના જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો વિશે વિગતે ચર્ચા કરો. ૧૪

અથવા

૪.ટૂંકનોંધ લખો. (બંને)

૧.બાળલીલાનાં પદ

૨.વાંસળીનાં પદ

૫.નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ આપો. ૧૪

૧.નીચેનામાંથી નરસિંહ મહેતાનું જન્મ સ્થળ કયુ છે તે જણાવો.

અ.ગોપનાથ    બ.તળાજા    ક.જૂનાગઢ    ડ.દ્વારકા

[P.T.O]

૨.નીચેનામાંથી નરસિંહ મહેતાની આત્મચરિત્રાત્મક કૃતિ કઈ છે ?

અ.પુત્રવિવાહનાં પદ　　બ.દાણલીલા　　ક.રાસનાં પદ　　ડ.ઝાંઝરનાં પદ

૩. નરસિંહ મહેતાની પત્નીનું નામ જણાવો.

૪. નરસિંહ મહેતાના પુત્રનું નામ જણાવો.

૫.ઝારીનાં પદમાં નરસિંહ મહેતાને કોણ પાણી પીવડાવે છે ?

૬. નરસિંહ મહેતાના પદો મોટે ભાગે કયા છંદમાં રચાયેલા છે ?

અ.મંદાક્રાન્તા　　બ.ઝુલણા　　ક.હરિગીત　　ડ.ચોપાઈ

૭.હારસમેનાં પદની સંખ્યા જણાવો.

અ.૫૧　　બ.૨૩　　ક.૫૮　　ડ.૧૨

૮. 'સાધુ મુજ તાતને દુઃખ દેવા ઘણું, સીમંત માહરે શીદ આવ્યું ?'-આ પંક્તિ કયા પદની છે ?

અ.ઝારીનાં પદ　　બ.મામેરાનાં પદ　　ક.હારસમેનાં પદ　　ડ.હૂંડીના પદ

૯. 'છપ્પન ભોગ જિહાં, કવણ તાંદુલ તિહાં ? આપતાં ઉર સંકોચ આવે;'- આ પંક્તિ કયા પદની છે ?

અ.સુદામાચરિત્ર　　બ.મામેરાનાં પદ　　ક.હારસમેનાં પદ　　ડ.હૂંડીના પદ

૧૦. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે ;'- આ પંક્તિ કયા પદની છે ?

અ. સુદામાચરિત્ર　　બ.મામેરાનાં પદ　　ક.ભક્તિજ્ઞાન-વૈરાગ્યનાં પદ　　ડ.હૂંડીનાં પદ

૧૧.પુત્ર વિવાહનાં પદની સંખ્યા જણાવો.

૧૨.'જાવા દિયો, જાદવા ! વાટે રોકો મા વહેતા;' આ પંક્તિ કયા પદની છે ?

અ.દાણલીલા　　બ.હૂંડીનાં પદ　　ક.મામેરાનાં પદ　　ડ.ઝારીનાં પદ

૧૩.'નથી, નાગણ ! હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો ;'-આ પક્તિ કયા પદની છે ?

૧૪.વાંસલડી ! વેરણ મારી રે, વશ કીધા તે વૈકુઠનાથ રે, નાર ધુતારી !- આ પંક્તિ કયા પદની છે?

અ. મામેરાનાં પદ　　બ.વાંસળીનાં પદ　　ક.કૃષ્ણપ્રીતિનાં પદ　　ડ. દાણલીલાનાં પદ

---

**1805E662** Candidate's Seat No : ________

**M.A. (Sem.-III) Examination**

**502 Gujarati**

**Time : 3 Hours] May-2017 [Max. Marks : 70**

**સૂચના** : (૧) બધા પ્રશ્નો ફરજિયાત છે.

(૨) વિકલ્પો આંતરિક છે.

(૩) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ ભાષાવિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતી ભાષામાં ભાષા વૈજ્ઞાનિકોના કાર્યની વિસ્તૃત નોંધ લખો. ૧૪

**અથવા**

૧ નોંધ લખો (બંને) : (ક) ગુજરાતી ભાષાવિજ્ઞાન ક્ષેત્રે વિદેશી વિદ્વાનોનું પ્રદાન ૧૪

(ખ) વ્રજલાલ શાસ્ત્રીનું ભાષા ક્ષેત્રે પ્રદાન જણાવો.

૨ નરસિંહરાવ દિવેટીયાનું ભાષાવિજ્ઞાન ક્ષેત્રનું પ્રદાન જણાવો. ૧૪

**અથવા**

૨ પ્રબોધ પંડિતના ભાષાવિષયક કાર્યની મૂલવણી કરો. ૧૪

૩ હરિવલ્લભ ભાયાણીના ભાષાકીય કાર્યનું મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૩ આધુનિક ભાષાવિજ્ઞાનમાં યોગેન્દ્ર વ્યાસનું પ્રદાન જણાવો. ૧૪

૪ સામાજિક ભાષાવિજ્ઞાનની ભાષામાં ઉપયોગિતા વિશે ચર્ચા કરો. ૧૪

**અથવા**

૪ મનોભાષા વિજ્ઞાન એટલે શું? જણાવી તેની ભાષામાં ઉપયોગિતા ચર્ચો. ૧૪

**૫** માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૪

(૧) ગુજરાતી ભાષાવિજ્ઞાન ક્ષેત્રે કામ કરનાર કોઈપણ ત્રણ વિદેશી વિદ્વાનોનાં નામ જણાવો.

(૨) "જૂની પશ્ચિમી રાજસ્થાની" વ્યાકરણ ગ્રંથના કર્તા કોણ છે?

(૩) "ગુજરાતી ભાષામાં વર્ણવ્યવસ્થા" ગ્રંથના કર્તાનું નામ શું છે?

(૪) વ્રજલાલ શાસ્ત્રીના ઉત્સર્ગમાળા ગ્રંથનું પ્રકાશન કઈ સાલમાં થયેલું?

(૫) ઈ.સ. ૧૮૮૮માં નરસિંહરાવે કયા વિષય પરનિબંધ લખેલો?

(૬) "ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન" વ્યાકરણ ગ્રંથના કર્તા કોણ છે?

(૭) નર્મદના કોઈપણ બે વ્યાકરણ ગ્રંથોનાં નામ જણાવો.

(૮) "થોડોક વ્યાકરણ વિચાર" ગ્રંથના કર્તા કોણ છે?

(૯) જયંત કોઠારીના ભાષાવિષયક ગ્રંથનું નામ જણાવો.

(૧૦) "વ્યાકરણ વિમર્શ" ગ્રંથના કર્તા કોણ છે?

(૧૧) "ગુજરાતી ભાષાનો લઘુકોશ" ના લેખકનું નામ જણાવો.

(૧૨) "કોશરચના અને જોડણી" ગ્રંથના કર્તાનું નામ જણાવો.

(૧૩) "ભારતીય ભાષાઓની સમીક્ષા" ગ્રંથના કર્તાનું નામ જણાવો.

(૧૪) ભાષા વિજ્ઞાન ક્ષેત્રે બોલી વિજ્ઞાનમાં પ્રદાન કરનાર ભાષા વૈજ્ઞાનિકનું નામ આપો.

**2205E786** Candidate's Seat No : ____

**M.A. (Sem.-III) Examination**
**505 EA Gujarati**
**May-2017**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

# ગુજરાતી સાહિત્યની પરંપરાઓ: જૈન સાહિત્ય

૧. જૈન સાહિત્યની સમાલોચના અને તેનો હેતુ જણાવો. ૧૪

<u>અથવા</u>

જૈન ફાગુઓનો પરિચય આપો.

૨. જૈન અને જૈનેતર સાહિત્યની ભેદરેખા સદૃષ્ટાંત સમજાવો. ૧૪

<u>અથવા</u>

જૈન સાહિત્યના ગદ્યસ્વરૂપ - બાલાવબોધનો વિગતે પરિચય

3. જયવંતસૂરિનો પરિચય તેમના સમગ્ર સાહિત્યની વિશેષતાઓ સાથે કરાવો. ૧૪

<u>અથવા</u>

'ભરતેશ્વરબાહુબલિ રાસ' કૃતિનું કથાવસ્તુ વિગતે જણાવો.

૪. ટૂંકનોંધ લખો ગમે તે <u>બે</u> ૧૪

૧. 'રાસ' સ્વરૂપનો પરિચય કરાવો.

૨. 'સજ્ઝાય' સ્વરૂપનો પરિચય કરાવો

3. ભરતેશ્વરબાહુબલિનું પાત્રાલેખન

૪. સ્થૂલિભદ્ર કોશા વિષયક કૃતિઓનો પરિચય કરાવો.

P.T.O.

૨

E786-2

૫. ટૂંકમાં જવાબ આપો ૧૪

૧. 'રાસો' કયું સ્વરૂપ છે? પદ્ય કે ગદ્ય?

૨. શૃંગારવિષયક કોઈ પણ બે કૃતિઓના નામ આપો.

૩. ચૈત્યવંદનવિષયક કોઈ એક કૃતિનું નામ જણાવો.

૪. આરામશોભાનું પૂર્વજન્મનું નામ જણાવો.

૫. 'આરામશોભા રાસ'માં આવતા શેઠનું નામ જણાવો.

૬. 'આરામશોભા રાસ' કૃતિની રચનાસંવત કઈ છે?

૭. સ્થૂલિભદ્ર-કોશાવિષયક કૃતિ લખનારા કોઈ એક સર્જકનું નામ જણાવો.

૮. વિદ્યુતપ્રભાના પિતાનું નામ શું છે?

૯. 'આરામશોભા રાસ'ની ઢાળ સંખ્યા જણાવો.

૧૦. આરામશોભાની પૂર્વજન્મની માતાનું નામ જણાવો.

૧૧. નાગદેવનું મૃત્યુ કેમ થાય છે?

૧૨. નંદન કોણ છે?

૧૩. મુનિવરનો ઉપદેશ સાંભળીને આરામશોભા શું કરે છે?

૧૪. 'આરામશોભા રાસ'ની સર્વગાથા સંખ્યા જણાવો.

3/83

**2205E787**

Candidate's Seat No : ______

**M.A. (Sem.-III) Examination**
**505 EB Gujarati**
**May-2017**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

પ્ર૦1 'લોકવિદ્યાવિજ્ઞાન' સંજ્ઞાનો પરિચય કરાવી તેની વિભાવના સ્પષ્ટ કરો. 14

અથવા

લોકસાહિત્યની વ્યાખ્યા આપી લોકસાહિત્યની લાક્ષણિકતાઓ સવિસ્તાર ચર્ચો.

પ્ર૦૨ લોકસાહિત્યનું વર્ગીકરણ રજૂ કરી લોકસાહિત્યના વિવિધ સ્વરૂપોનો પરિચય કરાવો. 14

અથવા

લોકસાહિત્ય અને અભિજાત સાહિત્ય વચ્ચેના સામ્ય-વૈષમ્ય વિશે વિસ્તૃત નોંધ લખો.

પ્ર૦3 લોકગીતની કોઈ પણ એક વ્યાખ્યા રજૂ કરી તેના આધારે લોકગીતનું સ્વરૂપ ચર્ચો. 14

અથવા

ટૂંક નોંધ લખો (બંને)

(1) લોકગીતનાં જીવનસંદર્ભ

(૨) લોકગીતોનું વર્ગીકરણ

પ્ર૦4 લોકસાહિત્યના સંશોધક પાસે કઈ સજ્જતા હોવી જોઈએ? ચર્ચા કરો. 14

અથવા

લોકસાહિત્યના સંશોધન-સંપાદનની સમસ્યાઓ વિશે નોંધ તૈયાર કરો.

(P.T.O)

પ્ર૦5 ટૂંકમાં જવાબ લખો. 14

(1) 'લોકવિદ્યાવિજ્ઞાન' કયા અંગ્રેજી શબ્દનો ગુજરાતી પર્યાય છે?
(અ) Folkloristics (બ) ~~Folk~~ Folksongs
(ક) Folklore (ડ) ~~Folktale~~ Folktale

(2) 'ફોકલોર' શબ્દ પ્રથમવાર પ્રયોજનાર વિદ્વાનનું નામ જણાવો.
(અ) વિલિયમ જહોન થોમ્સ (બ) ટેલર
(ક) વિલ્હેમ ગ્રીમ (ડ) ઈ. બી. ટેલર

(3) કંઠસ્થ લોકવિદ્યાના ગેય રૂપોમાં નીચેના પૈકી કયા સ્વરૂપનો સમાવેશ થતો નથી?
(અ) ઉખાણાં (બ) દૂહા
(ક) લગ્નગીત (ડ) ઋતુગીત

(4) મગનલાલ વખતચંદની ૧૮૫૧માં પ્રકાશિત કૃતિનું શીર્ષક જણાવો.
(અ) નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત (બ) કથનાવલિ
(ક) સોરઠી બહારવટિયા (ડ) ચૂંદડી

(5) 'ગુજરાતના લોકગીતો'ના સંપાદકનું નામ જણાવો.
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) પુષ્કર ચંદરવાકર
(ક) કનુભાઈ જાની (ડ) ખોડીદાસ પરમાર

(6) નીચેના પૈકી કયું લક્ષણ લોકકથાનું નથી?
(અ) અજ્ઞાત કર્તૃત્વ (બ) ~~રચયિ~~ રચયિતાની પ્રબળ છાપ
(ક) બહુવિધ પાઠાન્તર (ડ) પ્રાદેશિક અસરો

(7) ધાન ખાંડતી વેળાએ ગવાતાં ગીતો ગુજરાતમાં કયા નામે જાણીતા છે?
(અ) ઋતુગીતો (બ) ખાયણાં
(ક) મરશિયા (ડ) દુહા

(8) લોકસાહિત્ય વિષયક પુસ્તક 'લોકવાઙ્મય'ના લેખકનું નામ જણાવો.

(અ) હસુ યાજ્ઞિક (બ) જયાનંદ જોષી

(ક) કનુભાઈ જાની (ડ) જશવંત શેખડીવાળા

(9) રામ-સીતમાની વારતાંના સંપાદકનું નામ જણાવો.

(અ) જયમલ્લ પરમાર (બ) બળવંત જાની

(ક) કનુભાઈ જાની (ડ) ભગવાનદાસ પટેલ

(10) 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની ~~વાર્તાઓ~~ વારતાઓ' સંગ્રહના સંપાદક કોણ છે?

(અ) ફૂરામજી બમનજી માસ્તર (બ) જીવરામ અજરામર ગોર

(ક) દુલેરાય કારાણી (ડ) કહાનજી ધર્મસિંહ

(11) 'લોકસાહિત્ય ધરતીનું ધાવણ' ગ્રંથના લેખકનું નામ જણાવો.

(અ) જયમલ્લ પરમાર (બ) પુષ્કર ચંદરવાકર

(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) દુલેરાય કારાણી

(12) નીચેનાં પૈકી કોની ગણના ~~લોક~~ લોકસાહિત્યના સ્વરૂપમાં થઈ શકે નહિ?

(અ) દંતકથા (બ) કહેવતો

(ક) હાલરડાં (ડ) વસ્ત્રાભૂષણો

(13) 'રાસમાળા'ના સંપાદકનું નામ જણાવો.

(અ) એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ (બ) દલપતરામ

(ક) નવલરામ (ડ) સોરાબજી હોરમસજી રીડન

(14) લોકસાહિત્ય લોકવિદ્યાનો જ એક ભાગ છે – વિધાન ખરું કે ખોટું?

——— X ——— X ———

**2305E818**

Candidate's Seat No : ____

**M.A. (Sem.-III) Examination**
**506 Gujarati**
**May-2017**

**Time : 3 Hours]** **[Max. Marks : 100**

૧. લઘુકથાકારોના પ્રસિદ્ધ નિદર્શનો સાથે લઘુકથાના સ્વરૂપલક્ષણોનો પરિચય કરાવો. ૨૦

અથવા

લઘુકથાનો ઇતિહાસ રજૂ કરી સર્જકોના પ્રદાનની રૂપરેખા આલેખો.

૨. 'નાજુક ફૂલ' સંગ્રહમાંની તમને ગમતી સાત લઘુકથાના નામ જણાવી તેનો આસ્વાદલક્ષી પરિચય કરાવો. ૨૦

અથવા

'નાજુક ફૂલ' સંગ્રહની લઘુકથાઓનું સ્વરૂપ દૃષ્ટિએ મૂલ્યાંકન કરો.

૩. 'ફાગણની કૂંપળો' સંગ્રહની તમને ગમતી સાત લઘુકથાના નામ જણાવી તેનો આસ્વાદલક્ષી પરિચય કરાવો. ૨૦

અથવા

'ફાગણની કૂંપળો' સંગ્રહની લઘુકથાઓનું લઘુકથાના સ્વરૂપની દૃષ્ટિએ મૂલ્યાંકન કરો.

૪. 'ત્રેપનમી બારી' લઘુકથા સંગ્રહની કોઈપણ સાત લઘુકથાના નામ જણાવી તેનો આસ્વાદલક્ષી પરિચય કરાવો. ૨૦

અથવા

(P.T.O)

'ત્રેપનમી બારી' લઘુકથાસંગ્રહની રચનાઓનો લઘુકથાના સ્વરૂપ સંદર્ભે અભ્યાસ રજૂ કરો.

૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

૧. લઘુકથાનું અર્થ અને લક્ષણો જણાવો. ૨૦

૨. 'લાચારી' લઘુકથા કયા સંગ્રહમાં છે?

૩ 'ત્રેપનમી બારી' સંગ્રહની અંતિમ લઘુકથા કઈ છે?

૪. ૬૦ લઘુકથા કયા સંગ્રહમાં છે?

૫. 'નાજુક ફૂલડાં' સંગ્રહની પહેલી લઘુકથા કઈ છે?

૬. 'બાપુ ગીરધારી' કયા સંગ્રહની લઘુકથા છે?

૭. ૨૦૬ લઘુકથા કયા સંગ્રહમાં છે?

૮. 'ફાગણની ઝરૂખી' સંગ્રહની અંતિમ કૃતિનું નામ જણાવો.

૯. 'લઘુકથા સ્વરૂપ અને પરિચય' પુસ્તકના લેખકનું નામ આપો.

૧૦. 'સહજ સમજ' કયા સંગ્રહની લઘુકથા છે?

૧૧. 'ફાગણની ઝરૂખી' લઘુકથાસંગ્રહના લેખક કોણ છે?

૧૨ 'ત્રેપનમી બારી' લઘુકથાસંગ્રહના લેખક કોણ છે?

૧૩ પ્રફુલ્લ રાવળના સંગ્રહનું નામ જણાવો.

૧૪. ૩૮ લઘુકથા કયા સંગ્રહમાં છે?

૧/૪૩ ૨૦૦૫E૭૪૫

2/43

**2005E745**

Candidate's Seat No : ____

**M.A. (Sem.-III) Examination**
**504 EB Gujarati**
**Sahitya Swaroop (Prose)**
**May-2017**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. ગદ્યની વ્યાખ્યાઓના સંદર્ભમાં નાટકના ગદ્યના વિશેષ લક્ષણો જણાવો. (૧૪)

અથવા

ગદ્યની વિભાવનાના સંદર્ભમાં ટૂંકીવાર્તાના ગદ્યના લક્ષણો જણાવો.

૨. નાટકના લક્ષણોને કેન્દ્ર કરી 'ધારાગુર્જરી'નું નાટકના સ્વરૂપ તરીકે મૂલ્યાંકન કરો. (૧૪)

અથવા નોંધ લખો (બંને)

૧. 'ધારાગુર્જરી'નો કરુણ

૨. 'ધારાગુર્જરી'ના પાત્રો

૩. નિબંધના લક્ષણોને આધારે 'રંગતરંગ ભાગ:૪'નું મૂલ્યાંકન કરો. (૧૪)

અથવા

નીચેના બે નિબંધનો આસ્વાદ કરાવો.

૧. દાદીને ખુલ્લો પત્ર

૨. મારો દર્દ

૪. 'દ્વિરેફની વાતો ભાગ:૧'ને કેન્દ્રમાં રાખી રા.વિ. પાઠકની વાર્તાકાર તરીકેની વિશેષતાઓનો પરિચય કરાવો. (૧૪)

<u>અથવા</u>

તમને ગમતી રા.વિ. પાઠકની કોઈ એક વાર્તાનો આસ્વાદ કરાવો.

(P.T.O.)

E745-2

૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (૧૪)

૧. નગીનદાસ દલાલનો કયો નિબંધ પ્રસિદ્ધ છે?

૨. 'મોંઘા ન પડવું એ ભાગ્યવંતની મુખ્ય ફરજ છે' - આ વાક્ય કયા નિબંધનું છે.

૩. ચીસ્તાનબુ કયા નિબંધોમાં આવતું પાત્ર છે?

૪. 'અભાગા' નિબંધનું બીજું શીર્ષક કયું છે?

૫. 'દારાશુકોહ' નાટકની પ્રકાશન સાલ જણાવો.

૬. 'દારાશુકોહ' નાટકની અંકસંખ્યા જણાવો.

૭. આનંદીસ્તો કઈ વાર્તાનું પાત્ર છે?

૮. 'મશહૂર ગવૈયો' કોની કૃતિ-વાર્તા છે?

૯. 'ધૂમકેતુ'નું આખું મૂળ નામ શું છે?

૧૦. 'વડસૂરી' વાર્તાનો મુખ્ય રસ કયો છે?

૧૧. 'રામનારાયણ વિશ્વનાથ પાઠક'નું તખલ્લુસ જણાવો.

૧૨. 'મારા અક્ષર સુધારવા અને તમારી આજ્ઞાઓ પાળવા' - વાક્ય કઈ વાર્તામાં આવે છે?

૧૩. ધનિયો વિરેકની કઈ કૃતિ-વાર્તાનું પાત્ર છે?

૧૪. રઘનાથ ભટ્ટનું પાત્ર કઈ વાર્તામાં આવે છે?

**2005E746** Candidate's Seat No : ________

**M.A. (Sem.-III) Examination**
**504 EC Gujarati**
**Essay**
**May-2017**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

પ્રશ્ન-૧. મધ્યકાલીન પદ્યવાર્તા સ્વરૂપની લાક્ષણિકતાઓ વિશે વિસ્તૃત લખો. અથવા (૧૪)
મધ્યકાલીન પદ્યવાર્તા સ્વરૂપમાં શામળના પ્રદાનને મૂલવો.

પ્રશ્ન-૨. ટૂંકીવાર્તાનું કલા સ્વરૂપ સમજાવો અથવા ટૂંકીવાર્તાના સ્વરૂપના મુખ્ય સિદ્ધાંતો વિશે વિગતે લખો. (૧૪)

પ્રશ્ન-૩. જ્ઞાનમાર્ગી કવિતાધારામાં અખાની અનન્યતા સ્પષ્ટ કરો અથવા જ્ઞાનમાર્ગી કવિતામાં મધ્યકાલીન કવિઓનો ફાળો (૧૪)

પ્રશ્ન-૪. ગુજરાતી રંગભૂમિના ઉદ્ભાવક અને પ્રયોગશીલ પ્રયોગો વિશે ચર્ચા કરો. અથવા (૧૪)

ગુજરાતી રંગભૂમિની સાંપ્રત સ્થિતિ વિશે લખો.

પ્રશ્ન-૫. નીચેનાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો. (૧૪)

૧) ભીમ પાસેથી મળતી પદ્યવાર્તાનું નામ શું છે?
(અ) બરાસ કસ્તુરી (બ) હંસાઉલી
(ક) સદયવત્સ ચરિત (ડ) મદનમોહના.

૨) 'રૂપસુંદરકથા' કોની કૃતિ છે?
(અ) શામળ (બ) માધવ
(ક) અસાઈત ઠાકર (ડ) ગણપતિ.

3) 'બિલ્હણ પંચાશિકા'નો સાહિત્યપ્રકાર જણાવો
(અ) નાટક (બ) ટૂંકીવાર્તા
(ક) આખ્યાન (ડ) પદ્યવાર્તા.

(P.T.O)

E746-2

(૪) 'અવશેષ' વાર્તાસંગ્રહના લેખકનું નામ જણાવો.

(અ) ધૂમકેતુ (બ) રા.વિ. પાઠક

(ક) જયંત ખત્રી (ડ) રઘુવીર ચૌધરી.

(૫) 'જવ' કયા વાર્તાકારનો વાર્તાસંગ્રહ છે?

(અ) ઉજમશી પરમાર (બ) માય ડિયર જયુ

(ક) હિમાંશી શેલત (ડ) રાઘવજી માધડ.

(૬) 'ટૂંકીવાર્તા ગદ્યદેહે વિસ્તરતું ઊર્મિકાવ્ય છે' - આ મંતવ્ય કોનું છે.

(અ) ઉમાશંકર જોશી (બ) બ.ક. ઠાકોર

(ક) જયંત પાઠક (ડ) વિશ્વનાથ ભટ્ટ.

(૭) કચ્છના રણપ્રદેશનો પરિવેશ કોની વાર્તાનો વિશેષ છે.

(અ) જયંતી દલાલ (બ) ચુનીલાલ મડિયા

(ક) જયંત ખત્રી (ડ) પન્નાલાલ પટેલ.

(૮) મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાનો પ્રથમ સૂર કઈ કૃતિમાં સંભળાય છે.

(અ) નળાખ્યાન (બ) ઉદ્ધવ સંદેશ

(ક) ત્રિભુવન દીપક પ્રબંધ (ડ) નેમિનાથ ફાગુ.

(૯) 'જ્યાં લગી આતમ તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' — રચનાકારનું નામ જણાવો

(અ) નરસિંહ મહેતા (બ) મીરાંબાઈ

(ક) પ્રીતમ (ડ) અખો.

(૧૦) જ્ઞાનમાર્ગી કવિતામાં અખાનો પુરોગામી કોણ છે?

(અ) ભાલણ (બ) દયારામ

(ક) પ્રેમાનંદ (ડ) પ્રીતમ.

(૧૧) 'હસ્તામલક' કૃતિના રચયિતા કોણ છે.

(અ) અખો (બ) નરહરિ

(ક) ભાણદાસ (ડ) જીવણદાસ.

૧૨) આપેલ રંગભૂમિના વિકાસમાં કયા નાટ્યકારનું યોગદાન બહુમૂલ્ય છે.

(અ) લાલશંકર ઠાકર (બ) મધુરાય

(ક) સતીશ વ્યાસ (ડ) જયંતિ દલાલ.

૧૩) કઈ કૃતિને 'ભૂંગળ વિનાની ભવાઈ'ના નામે ઓળખવામાં આવે છે.

(અ) લલિતા દુઃખ દર્શક (બ) રાઈનો પર્વત

(ક) મિથ્યાભિમાન (ડ) અખા.

૧૪) અખાના જીવનને કેન્દ્રમાં રાખી લખાયેલું ગુજરાતી નાટક કયું છે?

(અ) ભટનું ભોપાળું (બ) જાણે પડદે

(ક) ગુલાબ (ડ) દૂધનો સરવર.

---

3/93

**2005E744**

Candidate's Seat No : ________

**M.A. (Sem.-III) Examination**
**504 EA Gujarati**
**Sahitya Swaroop (Poetry)**
**May-2017**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

પ્ર૦1 મધ્યકાલીન સાહિત્યસ્વરૂપ આખ્યાનના લક્ષણો વિશે વિસ્તૃત નોંધ લખો. 14

અથવા

મધ્યકાલીન સાહિત્યના વિવિધ સ્વરૂપો સાથે આખ્યાનનું સામ્ય-વૈષમ્ય તપાસો.

પ્ર૦૨ 'નળાખ્યાન'ને આધારે પ્રેમાનંદની આખ્યાન કવિ તરીકેની વિશેષતાઓ દર્શાવો. 14

અથવા

ટૂંક નોંધ લખો (બંને)

(1) 'નળાખ્યાન'માં પ્રેમાનંદે કરેલા મૂળકથાના ફેરફારો

(૨) દમયંતીનું પાત્રનિરૂપણ

પ્ર૦3 ખંડકાવ્યની સ્વરૂપગત લાક્ષણિકતાઓ સદૃષ્ટાંત ચર્ચો. 14

અથવા

ટૂંક નોંધ લખો (બંને)

(1) ખંડકાવ્યનું વસ્તુ

(૨) ખંડકાવ્યમાં પ્રકૃતિનિરૂપણ

પ્ર૦4 કાન્તના ખંડકાવ્યોને આધારે તેમની સર્જકપ્રતિભા તપાસો. 14

અથવા

ટૂંક નોંધ લખો (બંને)

(1) 'અતિજ્ઞાન' ખંડકાવ્યનો આસ્વાદ

(૨) ખંડકાવ્યોમાં કાન્તનું ચિંતન

(P.T.O)

E744-2

પ્ર.5 ટૂંકમાં જવાબ લખો. 14

(1) ગુજરાતી આખ્યાનનાં બીજ સૌપ્રથમ કયા કવિની રચનાઓમાં જોવા મળે છે?

(અ) નરસિંહ (બ) નાકર (ક) ભાલણ (ડ) મીરાં

(2) વલણ કયા સ્વરૂપનાં અંગભૂત લક્ષણો છે?

(અ) ફાગુ (બ) આખ્યાન (ક) પ્રબંધ (ડ) રાસ

(3) 'નળાખ્યાન'માં ઋતુપર્ણને કોની સાથે પરણાવવામાં આવે છે?

(અ) દમયંતિ (બ) ભામા (ક) સુલોચના (ડ) કેતપવતિ

(4) પ્રેમાનંદકૃત 'નળાખ્યાન' કુલ કેટલાં કડવાની રચના છે?

(અ) ૪૭ (બ) ૫૭ (ક) ૬૭ (ડ) ૭૭

(5) દમયંતિને કષ્ટમાં નાખનાર માનવેતર પાત્રનું નામ જણાવો.

(6) નળ કોની પાસેથી દમયંતિના સૌંદર્યના વખાણ સાંભળે છે?

(7) 'રસ કે રસમિશ્રણમાં મોળું નહીં તે જ ખંડકાવ્ય છે' અભિપ્રાય કોનો છે?

(અ) ઈન્દુલાલ ઠાકર (બ) બ. ક. ઠાકોર

(ક) ઈન્દુલાલ પરીખ (ડ) નરસિંહરાવ દીવેટિયા

(8) ખંડકાવ્ય માટે 'કથનોર્મિ કાવ્ય' સંજ્ઞા કોણે પ્રયોજી છે?

(અ) સુન્દરમ્ (બ) ઉમાશંકર

(ક) રા. વિ. પાઠક (ડ) રમણભાઈ નીલકંઠ

(9) 'ભીલબાળા' કયા કવિનું ખંડકાવ્ય છે?

(અ) બોટાદકર (બ) ખબરદાર

(ક) ન્હાનાલાલ (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

(10) 'તુકારામનું સ્વર્ગારોહણ' ખંડકાવ્યના રચયિતાનું નામ જણાવો.

(અ) નંદકુમાર પાઠક (બ) પ્રહ્લાદ પારેખ

(ક) ગણપતલાલ ભાવસાર (ડ) રા. વિ. પાઠક

(11) 'અતિજ્ઞાન' ખંડકાવ્યના કેન્દ્રસ્થ પાત્રનું નામ જણાવો.

(અ) યુધિષ્ઠિર (બ) ભીમ

(ક) અર્જુન (ડ) સહદેવ

(12) 'ડરું છું ભય પામું છું જોઈને આજ આપને' પંક્તિ કયું પાત્ર રજૂ કરે છે?

(અ) માદ્રી (બ) કુન્તી

(ક) પાંડુ (ડ) એકેય નહિ.

(13) "નથી નાથ! તમારા હું, વાંક મારો જ છે સહુ; ક્ષમા કુકર્મથી માગું, દીનતા ન કરો બહુ"! પંક્તિ કયા કાવ્યની છે?

(અ) વસંતવિજય (બ) રત્ના

(ક) દેવયાની (ડ) ચક્રવાકમિથુન

(14) કયા ખંડકાવ્યના અંતનો કાન્તે કરેલ ફેરફાર ચર્ચાસ્પદ રહ્યો છે?

(અ) દેવયાની (બ) વસંતવિજય

(ક) ચક્રવાકમિથુન (ડ) અતિજ્ઞાન

—— X —— X ——